ડીસેમ્બર ૨૦૨૦

WIEGO

Women in Informal Employment: Globalizing and Organizing

# કોવિડ-૧૯ કટોકટી અને અસંગઠિત અર્થતંત્ર:
## અસંગઠિત કામદારો, અમદાવાદ, ભારત




ડાબે થી જમણે: ઘરખાતા કામદાર, ઘરેલું કામદાર, કચરો વીણનાર, વેચનાર
ફોટો પાડનાર: સેવા વીડિયો, ઇન્ડીયન એકેડમી ફોર સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન

## મુખ્ય તારણો

1. ફક્ત ૭% ઉત્તરદાતાઓ એપ્રિલ ના ટોચના લોકડાઉન સમયગાળામાં કામ કરી શક્યા જયારે અડધા થી પણ ઓછા ૪૮% જૂન મહિનામાં, જયારે લોકડાઉન ની મર્યાદાઓ અંશતઃ ઉઠાવી લેવામાં આવી ત્યારે કામ શરુ કરી શક્યા.
2. અઠવાડિયા ના સરેરાશ કામના દિવસો જૂન મહિનામાં ૨.૪ હતા જે ફેબ્રુઆરી(પ્રી-કોવિડ) દરમ્યાનના ૬.૨ દિવસો ની સરખામણીમાં અડધા થી પણ ઓછા હતા.
3. કામદારોની સરેરાશ આવક જૂન મહિનામાં, ફેબ્રુઆરીની સરેરાશ આવક ના 30% હતી.
4. ૮૪% કુટુંબોએ ખોરાકની સરકારી સહાય મેળવી જયારે ફક્ત ૪૨% લોકોએ રોકડ સહાય મેળવી.
5. લગભગ ૮૦%એ પૈસા ઉછીના/ઉધાર લીધા, મિલકતો વેચી/ગીરવે મૂકી અને /અથવા બચતો વાપરી, બચતના સ્ત્રોત ઓછા કર્યા અને દેવા વધાર્યા.

## પૂર્વભૂમિકા

‘કોવિડ-૧૯ કટોકટી અને અસંગઠિત અર્થતંત્ર’ તે એક વિગો ની આગેવાની હેઠળ ૧૨ શહેરોમાં કરવામાં આવનાર રેખાંશિક/લાંબા ગાળાનો અભ્યાસ છે, જેમાં કોવિડ-૧૯ કટોકટીની અસંગઠિત કામદારોના ચોક્કસ જૂથ અને તેમના કુટુંબ પર થયેલ અસરોની આકારણી/મૂલ્યાંકન કરવામાં આવેલ છે. તેમાં સર્વે પ્રશ્નાવલી અને ઊંડાણપૂર્વક ની મુલાકાતો દ્વારા પ્રથમ રાઉન્ડનું મૂલ્યાંકન થઈ ગયેલ છે. જેમાં એપ્રિલ ૨૦૨૦ (મોટાભાગના શહેરોમાં ટોચના પ્રતિબંધોનો સમય) અને મે/જૂન ૨૦૨૦ (જયારે પ્રતિબંધોમાં મોટાભાગના શહેરોમાં રાહત આપવામાં આવી હતી)૧ ફેબ્રુઆરી ૨૦૨૦ ની સરખામણીમાં (પ્રી-કોવિડ) દરમ્યાન અભ્યાસ કરવામાં આવ્યો. બીજા રાઉન્ડમાં કોવિડની અસરો અને રિકવરી જોવાનું કામ પ્રી-કોવિડ અને રાઉન્ડ-૧ની સરખામણીમાં માર્ચ-એપ્રિલ ૨૦૨૧ દરમ્યાન ચાલુ રહેશે.

અમદાવાદમાં આ અભ્યાસ સેવા સાથે ની ભાગીદારી કરવામાં આવ્યો, ખાસ કરીને સેવા ની ‘ઇન્ડીયનએકેડમી ફોર સેલ્ફ એમ્પ્લોયડ વુમન’ ની રિસર્ચ ટીમ અને સેવા યુનિયન ના અમુક ગ્રાસરૂટ રિસર્ચર સાથે. રીસર્ચ ટીમએ અસંગઠિત વર્ગના ચાર સેક્ટરના ૨૫૦ કામદારો સાથે સર્વે કર્યું, જે સેવાના સભ્યો હતા. આ સિવાય તેમણે આઠ અસંગઠિત આગેવાનો તેમજ ચાર સરકારી અને શૈક્ષણિક ક્ષેત્રના મુખ્ય માહિતી આપનાર ની મુલાકાત લીધી.


આ અહેવાલ ભારત દેશના અમદાવાદ શહેરમાં થયેલ આ અભ્યાસના પ્રથમ રાઉન્ડ ના સારાંશ/તારણો રજૂ કરે છે.


## અમદાવાદમાં અસંગઠિત અર્થતંત્ર

અમદાવાદ શહેર એ પશ્ચિમ ભારતના ગુજરાત રાજ્યનું મોટામાં મોટું શહેર અને નાણાકીય પાટનગર છે. એક સમયનું ભારત દેશના કોટન-ટેક્સટાઈલ વિકસતા ના ઉદ્યોગ માટે માન્ચેસ્ટર ગણાતું અમદાવાદ આજે ડેનિમ ઉત્પાદન સિવાયના ટેક્સટાઈલ ઉદ્યોગના ઘટાડા તેમજ કેમિકલ, ફાર્મા અને આઈટી ઉદ્યોગના વધારા સાથે વૈવિધ્યસભર બન્યું છે.

અમદાવાદ શહેરએ સેવા (સ્વાશ્રયી મહિલા સેવા સંઘ) નું જન્મસ્થળ પણ છે જે ભારતનું મોટામાં મોટું ટ્રેડ યુનીયન ફેડરેશન તેમજ દુનિયા ના અસંગઠિત કામદારોનું મોટામાં મોટું સંગઠન છે. જેમાં લગભગ ૮૦થી વધુ જુદા જુદા કામ/ધંધા ના ૨ મિલિયન મહિલા કામદારો જોડાયેલા છે.

અમદાવાદ શહેરના અભ્યાસના સેમ્પલમાં ઘરેલું કામદાર, ઘરખાતા કામદાર, વેચનાર અને કચરો વીણનારનો સમાવેશ થાય છે. જેમાં બધા જ બહેનો અને સેવા ના સભ્યો છે. આ જૂથ કુલ શહેરી રોજગારના ૧૯% અને મહિલા શહેરી રોજગારના ૩૬% રજૂ કરે છે. ( ઘરેલું કામદાર ૩% અને ૯% ૨% અનુક્રમે), ઘરખાતા કામદાર (૧૧% અને ૨૩%)વેચનાર(૪% અને ૨%) અને કચરો વીણનાર(૧% અને ૨%) (રવીન્દ્રન અને વનેક ૨૦૨૦)[1] અમદાવાદના ૭૦% થી વધુ કામદારો અસંગઠિત રોજગાર ધરાવે છે. (રવીન્દ્રન ૨૦૨૦)




[1] રવીન્દ્રન, ગોવિંદન અને જ્હોન વનેક ૨૦૨૦.ભારતમાં અસંગઠિત કામદારો : એક આંકડાકીય રૂપરેખા. વિગો આંકડાકીય સંક્ષિપ્ત # ૨૪

# કોવિડ-૧૯ ના નીતિ પ્રતિભાવ

માર્ચ ૨૪ના રોજ, નરેન્દ્ર મોદી, ભારતના પ્રધાન મંત્રીએ ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી. ૧.૩ બિલીયન લોકો પાસે ઘરે રહેવાની અને ત્રણ અઠવાડિયા સુધી બહાર જવાનું સાહસ ન કરવાની આશા રાખવામાં આવી. રાષ્ટ્રીય લોકડાઉન પછી ૩૧મી મેં સુધી લંબાવવામાં આવ્યું. ભારત સરકાર દ્વારા જૂનની શરૂઆત થી રાષ્ટ્રીય લોકડાઉન માં ફેઝમાં રાહતો આપવામાં આવી. માર્ચ ૨૬ ના રોજ, નાણા મંત્રી એ રાષ્ટ્ર વ્યાપી રાહતની જાહેરાત કરી, જે લગભગ ૨-૩ મહિના ચાલી.

આખાય લોકડાઉન દરમ્યાન સ્થાનિક અને રાજ્ય સરકારોને તેમની જરૂરિયાત મુજબ રાહત/મર્યાદા લાદવાનું અધિકાર ક્ષેત્ર આપવામાં આવ્યું. રાષ્ટીય કામો ઉપરાંત તેમને રાહત તેમજ રિકવરી ના કામ માટે પણ સત્તા આપવામાં આવી.


કોવિડ-૧૯ ના પ્રથમ પુષ્ટિ થયેલ કેસ જાન્યુઆરી ૨૦૨૦ માં આવ્યા પછી ભારત દેશમાં ધીરે ધીરે સંક્રમણ વધ્યું.૨૪ માર્ચે , સુધી જ્યારે રાષ્ટીય લોકડાઉન જાહેર થયું, ફક્ત ૫૧૯ પુષ્ટિ થયેલ કેસ અને નવ પુષ્ટિ થયેલ મૃત્યુ હતા. પણ પછી મે મહિનાની શરૂઆતથી વાયરસનું સંક્રમણ વધવાનું શરુ થયું. અમદાવાદએ શરૂઆત થી જ વાયરસની અસર સામે સખ્ત ફટકો પામેલ શહેર હતું.

> "કોરોના કારણે સ્લમ /ચાલી ની બહાર જવાની કોઈને મંજૂરી ન હતી. અને પોલીસ બહાર ચોકી કરતી હતી".
>
> – ઘરખાતા કામદાર

## ટાઇમલાઈન

### રાષ્ટ્રીય લોકડાઉન

- **માર્ચ ૨૨**
  રાષ્ટ્રીય ૧૪ કલાક જનતા કર્ફ્યુ
- **માર્ચ ૨૬**
  રાષ્ટ્રીય લોકડાઉન ૧૪ એપ્રિલ સુધી
- **એપ્રિલ ૧૪**
  રાષ્ટ્રીય લોકડાઉન મે- ૩ સુધી લંબાવાયુ.
- **મે ૩**
  રાષ્ટ્રીય લોકડાઉન મે -૧૭ સુધી લંબાવાયુ.
- **મે -૧૭**
  રાષ્ટ્રીય લોકડાઉન મે -૩૧ સુધી ફરી લંબાવાયુ.




### રાહત કાર્યવાહી

- **માર્ચ ૨૪**
  ગુજરાત રાજ્ય સરકાર – માર્ચ અને એપ્રિલના વિજળીબિલ માં ૧૫ મે સુધી મુક્તિ
- **માર્ચ ૨૫**
  ગુજરાત રાજ્ય સરકારે ૬ મિલિયન કુટુંબો માટે ખોરાકની સહાય એક મહિના માટે જાહેર કરી ખાસ કરીને રિક્ષા ચાલક અને વેચનાર જેઓને તેમનું દૈનિક વેતન ગુમાવ્યું છે તેવા માટે
- **માર્ચ ૨૬**
  ભારત સરકાર –રાષ્ટ્રીય રાહત પેકેજ, કેશ ગ્રાન્ટ સાથે અને ખોરાકની રાહત જે ગરીબ કુટુંબો લક્ષિત હતી.
- **એપ્રિલ ૪**
  ગુજરાત રાજ્ય સરકાર-બધાં કામદાર/કર્મચારી કામ ન કરી શક્યાં હોય તો પણ માર્ચ ૨૫ થી અપ્રિલ ૧૫ સુધીના મળવાપાત્ર વેતન મેળવશે

### રાષ્ટીય અનલોક ફેઝ-૧

- **જૂન ૧-૩૦**
  - શોપીગ મોલ, ધાર્મિક સ્થળો, હોટલ અને રેસ્ટોરન્ટ ફરી ખોલવાની પરવાનગી મળી
  - રાજ્યોમાં આંતરિક અને ઇન્ટર સ્ટેટ પ્રવાસ શરુ કરાયો
  - મોટા મેળાવડા હજી પ્રતિબંધિત અને રાત્રી કર્ફ્યુ –રાત્રે ૯ થી સવારે ૫ સુધી

# કટોકટી ની અસરો અને જવાબો


## કામ,આવક અને ખોરાકની અછત/ કમી

મધ્યમ અને ભદ્ર વર્ગથી જુદું કામદાર વર્ગ પાસે ખોરાકનો જથ્થો હાથ પર હોતો નથી અને તેઓ લોકડાઉન જાહેર થયા સમયે પણ વધુ માત્રામાં ખોરાકનો પૂરવઠો ખરીદી પણ ન શક્યા.


### કામ ની અસરો:

સેમ્પલના ફક્ત ૭% માટે ટોચના સમયગાળા(એપ્રિલ) દરમ્યાન કામ કરવાનું શક્ય બન્યું. જયારે લોકડાઉનમાં રાહત આપવામાં આવી અને અનલોક ફેઝ -૧ શરુ થયો ત્યારે અડધાથી પણ ઓછા ૪૮% લોકો જૂન મહિનામાં પોતાનું કામ શરુ કરી શક્યા. વધુમાં, જૂન મહિનામાં સરેરાશ કામના દિવસો (૨.૪ દિવસ)હતા જે ફેબ્રુઆરીના કામ ના દિવસો (૬.૨ દિવસ) ના અડધાથી પણ ઓછા હતા.

કોવિડ-૧૯ પહેલા કામ કરી શક્યા તેના ટકા (ફેબ્રુઆરી), ટોચ ના લોકડાઉન સમયે (એપ્રિલ) અને અનલોક ફેઝ ૧(જૂન)





અઠવાડિયાના સરેરાશ કામના દિવસ પ્રી-કોવીડ(ફેબ્રુઆરી), ટોચ ના લોકડાઉન સમયે (એપ્રિલ) અને અનલોક ફેઝ ૧(જૂન)




ટોચના લોકડાઉન સમય (એપ્રિલ) માં ઉત્તરદાતા કામ ના કરી શક્યા તેનું મુખ્ય કારણ અવર –જવર પર પ્રતિબંધ, બજાર ના અવરોધો (ઉત્પાદન /કામદારોનું બજાર), આરોગ્યના પ્રશ્નો અને વાહનવ્યવહારના અવરોધો જૂન દરમ્યાન અનલોક ફેઝ -૧ દરમ્યાન આવનજાવન અને વાહનવ્યવહારના પ્રતિબંધ નોધપાત્ર રીતે ઘટાડવામાં આવ્યા. જયારે બજારના અવરોધો કઇક અંશે ઓછા કરવામાં આવ્યા.

**પીક લોકડાઉન દરમિયાન કામ ન કરવાના મુખ્ય કારણો (એપ્રિલ)**





**અનલોક ફેઝ ૧ (જૂન) દરમિયાન કામ ન કરવાના મુખ્ય કારણો**



## આવક પર અસરો:

અપ્રિલ ના ટોચના લોકડાઉન સમયગાળામાં સરેરાશ આવક પ્રીકોવિડની સરખામણી માં ૭% ઓછી થઈ.જે જૂન સુધીમાં 33% સુધી માં પુનઃ પ્રાપ્ત થઈ.


**સરેરાશ દૈનિક કમાણી (INR માં) પૂર્વ કોવીડ (ફેબ્રુઆરી),ટોચ ના લોકડાઉન સમયે (એપ્રિલ) અને અનલોક ફેઝ ૧(જૂન)**




- ઘરખાતા કામદાર. શેરી વેચનાર અને કચરો વીણનારની સરેરાશ આવક તે કુલ આવક છે જયારે ઘરેલુ કામદારોની સરેરાશ કમાણી ચોખ્ખી કમાણી છે
- યુ એસ ડોલરથી ભારતીય રૂપિયા (INR) ના વિનિમય દર અભ્યાસના સમયગાળા દરમ્યાન નીચે મુજબ ત્રણ સંદર્ભમાં હતા
  - ફેબ્રુઆરી ૨૦૨૦ના મધ્ય: યુએસ૧ = INR ૭૧
  - એપ્રિલ ૨૦૨૦ના મધ્ય: યુએસ૧ = INR ૭૬
  - જૂન ૨૦૨૦ના મધ્ય: યુએસ૧ = INR ૭૬

કુટુંબોની આવક ટોચના લોકડાઉન દરમ્યાન સ્પષ્ટપણે ઘટી છે. અને જૂન દરમ્યાન આંશિક રીતે પુનઃ પ્રાપ્ત થઈ છે. ખરેખર સેમ્પલના 30% એ જૂન દરમ્યાન કુટુંબની આવક શૂન્ય જણાવી છે.

**ઘરની આવક શૂન્ય અથવા વધુ, સમાન, ઓછી, પૂર્વ કોવીડ (ફેબ્રુઆરી) અને અનલોક ફેઝ ૧(જૂન) ની સરખામણીમાં**



## ખોરાક પર અસરો:


કામ અને આવકનું નુકસાન ટૂંક સમયમાં જ ખોરાકની કટોકટી સુધી લઇ ગયું. મધ્યમ વર્ગ અને ભદ્રવર્ગ થી જુદું કામદાર વર્ગ પાસે ખોરાકનો જથ્થો મર્યાદિત હોય છે. તેથી જ ટૂંકી નોટીસ પર જયારે લોકડાઉન જયારે જાહેર થયું ત્યારે તેઓ ખોરાક, દવાઓ અને અન્ય વસ્તુઓનો સંગ્રહ કરી ન શક્યા. વધુમાં લોકડાઉન દરમ્યાન ખોરાક તાત્કાલિક રીતે પ્રાપ્ય કે સુલભ ન હતો કારણ કે કરિયાણાની દુકાનો, વેચનારા ના કુદરતી બજારો અને ખેત ઉત્પાદન ના મુખ્ય જથાબંધના બજારો બંધ રહ્યા. જયારે કરિયાણાની દુકાનો, અન્ય દુકાનો અને મોલ ખુલ્લા રહ્યા. ઘણા કુટુંબોએ ફુગાવો વધ્યાનું અને પાયાની ખોરાકની વસ્તુઓની કીમતમાં પણ વધારો નોધાવ્યો છે. જેના લીધે તેમની આવક અને બચતમાં કમી આવવાથી તેમની ખોરાક સંગ્રહ કરવાની ક્ષમતા પણ ઘટી છે.

આશરે સેમ્પલના એક તૃતીયાંશ બાળકો/પુખ્તવય ના કુટુંબના સભ્યોમાં અપૂરતો ખોરાક નોંધાવ્યો છે.


ખાસ કરીને ટોચના લોકડાઉન ના સમયગાળા દરમ્યાન ,મોટાભાગના કુટુંબોએ સામાન્ય ભૂખમરો વેઠ્યો છે અને રોજની માત્રામાં ઘટાડો કરવો પડ્યો હતો અને તે પણ પાયાની ખોરાકની વસ્તુઓમાં જેમકે ચા, દૂધ અને શાકભાજી. ઘણા કુટુંબોએ નોંધાવ્યું છે કે તેઓએ ફક્ત રોટલો, મરચાં/ચટણી ખાઈને ઘણા દિવસ ચલાવ્યું છે.

> “અનાજ,ખાંડ અને ચા અમારા ઘરમાં ખલાસ થઈ ગયા હતા. ભાવ વધી ગયા હતા. અમે શાકભાજી ખાધા વગર, મરચું , રોટલો (----) ખાઈ દિવસો પસાર કર્યા હતા.”
>
> – વેચનાર

**સેમ્પલના કુટુંબની ટકાવારી જેમણે પુખ્તવ્યમાં ભૂખ્યા રહેવાનું નોધવ્યું**




**સેમ્પલના કુટુંબની ટકાવારી જેમણે બાળકોના ભૂખ્યા રહેવાનું નોધવ્યું**



## આરોગ્ય અને સુરક્ષાની વધેલી ચિંતાઓ:

૨૫૦ ઉત્તરદાતાઓમાં ના ૧૩(૫%)એ નોધાવ્યુ છે કે તેમના કુટુંબ ના એક અથવા વધુ કુટુંબી કોવિડ-૧૯ ના લક્ષણો થી પ્રભાવિત થયા હતા. સંક્રમિત દર્દી માંથી ફક્ત ૧ જ વ્યક્તિ એ આરોગ્યની સેવા મેળવી હતી. સદભાગ્યે સેમ્પલ ના બધા સંક્રમિત વ્યક્તિઓ જીવી ગયા હતા.

ઘણાં ઉત્તરદાતાઓએ બિન-કોવિડ -૧૯ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ જેવી કે કેન્સરથી લઈને અકસ્માતો સુધીની જાણ કરી હતી. ઉપરાંત, આરોગ્યની સંભાળ લેવાની અને દવાઓ લેવાની ઘણી સમસ્યાઓની જાણ થઈ, કેમ કે હોસ્પિટલોમાં વધુ ગીચતા અને કોરોનાવાયરસના કેસોમાં વ્યસ્ત હોવાથી, દવાઓનો પુરવઠો ઓછો હતો અને કિંમતોમાં વધારો થયો હતો. વળી, કુટુંબો હોસ્પિટલોમાં જવા માટે અનિચ્છા રાખતા હતા કારણ કે તેમને કોવીડ -૧૯ માટે ક્વોરનટઆઇન /અલગ રહેવાનો નો ભય વ્યાપક હતો.

> "કોરોના દરમિયાન, જે લોકો ડાયાબિટીઝ અથવા અન્ય રોગોથી પીડાતા હતા તેઓને તેમની નિયમિત તપાસ માટે હોસ્પિટલમાં જવાનો ડર લાગ્યો હતો કારણ કે તેમને શંકા હતી કે તેઓને કોરોના-પોઝિટિવ હોવાનું નિદાન થઈ શકે છે અને ત્યાં ક્વોરેન્ટાઇન થઈ શકે છે ... તેમને કોરોના થવાનો ભય હતો કારણ કે, એક તરફ, જાહેર / સરકારી હોસ્પિટલોની નબળી ગુણવત્તા, જ્યારે બીજી બાજુ, તેમની પાસે ખાનગી હોસ્પિટલોમાં જવા માટે પૈસા નહોતા કારણ કે તેઓ માંડ ખાવા ભેગા થતા હતા. ખાવા માટે પૈસા ન હોય તે વ્યક્તિ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે કેવી રીતે જઈ શકે છે?"
>
> **– સેવા ઘરખાતા કામદાર આગેવાન**

મોટાભાગના ઉત્તરદાતાઓને વાયરસના ફેલાવાની ભીતિ હતી: ખાસ કરીને જેમને તેમના ઘરની બહાર કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી અથવા તેઓને પ્રયાસ કર્યો હતો. ૯૦% થી વધુ લોકોએ જાણ કરી છે કે જ્યારે તેઓ તેમના ઘરની બહાર જાય ત્યારે અથવા ઘરની બહાર કામ કરતા હોય ત્યારે વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણો (પીપીઇ) નો ઉપયોગ કર્યો હતો. કેટલાકને સેવા, સરકારી અથવા બિન-સરકારી સંસ્થાઓ તરફથી આ પી.પી.ઇ.મળ્યા હતા. ઘણાને પોતે જ ખરીદવા પડ્યા હતા.

> "જ્યારે પણ હું કચરો લેવા જઉં છું, ત્યારે હું કોરોના વાયરસના સંકટનો ડર અનુભવું છું. જો મને ચેપ લાગે તો પછી મારી સંભાળ કોણ રાખશે? મારા બાળકોની દેખરેખ કોણ કરશે? હું અત્યારે ખૂબ ચિંતિત છું."
>
> **– વેસ્ટ પીકર**





ડાબે થી જમણે: ઘરેલું કામદાર, ઘરખાતા કામદાર
ફોટો પાડનાર: સેવા વીડિયો, ઇન્ડીયન એકેડમી ફોર સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન

# વધેલી ઘર/કુટુંબની જવાબદારીઓ અને તણાવ

## ઘર/કુટુંબની વધેલી સંભાળ અને અન્ય જવાબદારીઓ

લોકડાઉન સમયે જયારે વેતનવાળું કામ કરવાના સમયમાં નાટકીય રીતે ઘટાડો થયો, અવેતન વાળા કામમાં આપવામાં આવતો સમયનો જથ્થો વધ્યો છે. નોંધપાત્ર રીતે, સેમ્પલના અડધા ઉત્તરદાતાએ અહેવાલ આપ્યો કે તેઓ સફાઈમાં વધુ સમય વિતાવે છે; નિવારક આરોગ્ય માપદંડ તરીકે અને કારણ કે પરિવારના વધુ સભ્યો આખો દિવસ ઘરે રહેતા હતા. અમદાવાદના સેમ્પલમાં તમામ મહિલાઓ હોવાના કારણે, અવેતન કામમાં વધારા ને લિંગ તફાવત સાથે સરખાવી શક્યા નથી.




માંદા માણસ માટેની સફાઈ, રસોઈ અને સંભાળના સેમ્પલ બધાં કુટુંબો માટે , જયારે બાળ સંભાળ અને વૃધ્ધની સેવાના સેમ્પલ બાળકો તેમજ વૃધ્ધ સભ્યોના જે તે કુટુંબો માટે લાગુ પડે છે

> "પહેલા તેઓ તેમના બાળકોને શાળાએ મોકલતા અને ઘરે સ્વતંત્રપણે કામ કરતા. પરંતુ, આજકાલ, તેઓએ તેમના બાળકોની સંભાળ લેવી પડે છે, જેમાં તેમને ઓનલાઈન વર્ગોમાં ભાગ લેવડાવવો તેમજ તમને ઘરકામમાં મદદ કરાવવાનો સમાવેશ થાય છે. ઓનલાઇન વર્ગો દરમિયાન, મહિલાઓએ પોતાનું કામ છોડીને બાળકો સાથે એક ફોન સાથે બેસવું પડ્યું જેથી બાળકો અભ્યાસ કરી શકે. બીજું, મહિલાઓએ પરિવારના વડીલોની સંભાળ લેવી પડી. પહેલાં વડીલો બાળકોની સંભાળ રાખતા. પણ હવે મહિલાઓએ દરેક વસ્તુનું ધ્યાન રાખવું પડે છે"
>
> **– સેવા ઘરખાતા કામદાર આગેવાન**

## વધેલી કૌટુંબિક ચિંતાઓ અને તણાવો

કામ, આવક, ખોરાક, આરોગ્ય અને સલામતી અંગેની ચિંતાઓ ઉપરાંત, ઉત્તરદાતાઓએ અન્ય બે મોટી ચિંતા વ્યક્ત કરી:

**બાળકો**
તેમના બાળકો વિશેની ચિંતાઓમાં બાળકોનું શાળાકીય શિક્ષણ શામેલ છે: સ્કૂલ ફી ચૂકવવા અથવા સ્માર્ટ ફોન્સ અથવા ટેબલેટ્સના અભાવને લીધે ઓનલાઇન શિક્ષણ પ્રદાન કરવા માટે સક્ષમ ન હોવું; તેમની ભૂખ અને પોષણ: તેમને પૂરતા પ્રમાણમાં અથવા સારી ગુણવત્તાવાળા ખોરાક - અથવા તેઓને ગમતા નાસ્તામાં પૂરા પાડવા માટે સમર્થ નથી; અને તેમને ખાસ કરીને કિશોરોના કિસ્સામાં તેમને બહાર જતાં અટકાવવા. જેઓ તેમના બાળકોને ખાનગી શાળાઓમાં મોકલે છે તેઓએ અહેવાલ આપ્યો હતો કે શાળા ફરી ચાલુ થઈ કે નહીં, તેમને આખા વર્ષ માટે શાળા ફી ચૂકવવી પડી હતી; અને તેઓએ ખાનગી શાળામાં તેમના બાળકોના પ્રવેશને જાળવવા માટે શાળા ફી ભરવાનું દબાણ અનુભવ્યું હતું. કેટલાક ઉત્તરદાતાઓએ "મારા બાળકોનું શું થશે?" તે વિશે સામાન્ય ચિંતા વ્યક્ત કરી.

**અણચુકવેલ ભાડુ અને બિલ**
ઘણા મહિનાઓથી ભાડુ, વીજળી અથવા ગેસ બીલ અને શાળા ફી ન ભરવી એ ઘણા કામદારો અને તેમના પરિવારો માટે મોટી ચિંતા હતી. એક શેરી વેચનાર કે જેણે ચાર મહિનાથી વીજળીનું બિલ ચૂકવ્યું ન હતું અને પૈસા ઉધારમાં લીધાં હોવાની ચિંતામાં: "અમે અમારૂં દેવું કેવી રીતે ચૂકવીશું? જો અમે અમારૂં કામ શરૂ નહિ કરી શકીએ કે આવક ન મેળવી શકીએ? "

કોવિડ -૧૯ કટોકટીના ઉત્તરોત્તર વધતા ટોલના કારણે પરિવારમાં નોંધપાત્ર વ્યક્તિગત તણાવ તેમજ સામાન્ય તણાવ પેદા થયો: કામદાર અને તેના પતિ, માતાપિતા અને બાળકો, સાસરાવાળા અને પરિવારના અન્ય સભ્યો વચ્ચે. જેમ કે એક શેરી વેચનારે નોંધ્યું: 'આ વર્ષે સામાન્ય લોકોને પણ તંગ બનાવ્યા છે. આ કેટલો સમય ચાલશે?





ડાબે થી જમણે: શેરી વેચનાર, કચરો ઉપાડનાર
ફોટો પાડનાર: સેવા વીડિયો, સેવા યુનિયન

## રાહતનાં પગલાં

### સરકાર દ્વારા


૨૬ માર્ચે, ભારતના નાણાં પ્રધાને રૂપીયા ૧.૭ ટ્રિલિયન (૨૩ બિલિયન યુ એસ ડોલર ) ના રાષ્ટ્રીય રાહત પેકેજની જાહેરાત કરી: એટલે કે, ભારતના દરેક નિવાસી માટે ૧૮ યુએસ ડોલર. રાહત પેકેજમાં રોકડ અનુદાન, ખાદ્ય સહાય અને અન્ય પગલાં શામેલ છે. પરંતુ પેકેજ દેખાય તે કરતાં વધુ વિનમ્ર હતું; રાહતનાં પગલાં, વ્યાપકપણે વચન આપ્યું હતું તે રીતે અમલમાં મૂકાયા ન હોવાથી તેમને મેળવવા મુશ્કેલ સાબિત થયા હતા.


જ્યારે સેવાએ તેના ઘણા સભ્યોને સરકારી રાહતમાં અપાવવામાં મદદ કરી, ઉત્તરદાતાઓએ નીચેના અવરોધોની જાણ કરી:


રોકડ અનુદાન - ૪૦% થી વધુ ઉત્તરદાતાઓ જાણતા ન હતા કે તેઓ રોકડ અનુદાન માટે હકદાર છે અને લગભગ ૪૦% પાસે બેંક એકાઉન્ટ નથી અથવા ડિજિટલ નાણાકીય સેવાઓનો વપરાશ ન હતો.

ખાદ્ય સહાય - લગભગ ૧૫% ઉત્તરદાતાઓ જાણતા ન હતા કે તેઓ ખોરાક સહાય માટે હકદાર છે અને લગભગ અડધા (૪૯%) પાસે રેશનકાર્ડ અથવા અન્ય બિનજરૂરી દસ્તાવેજો નહોતા.

**સેમ્પલ ના કુટુંબો ટકાવારીમાં  જેમણે કેશ ગ્રાન્ટ અને ખોરાકની સહાય મેળવી છે**




રોકડ અનુદાન ન મેળવવાના મુખ્ય કારણો
ઘરેલું કામદાર (N=૩૮)
ઘરખાતા કામદાર (N=૨૮)
શેરી વેચનાર (N=૪૨)
કચરો વીણનાર (N=૨૦)
કુલ (N=૧૨૮)
*ઉત્તરદાતાઓ કામ ન કરવા માટેના એક કરતાં વધુ કારણ પસંદ કરી શકે છે
૮૦
૭૦
૬૦
૫૦
૪૦
૩૦
૨૦
૧૦
૦
૨૪%
૫૪%
૬૪%
૨૦%
૪૩%
૪૫%
૨૨%
૩૬%
૫૦%
૩૮%
૮%
૦%
૧૭%
૧૫%
૧૦%
૨૧%
૭%
૨%
૫%
૯%
૦%
૭%
૧૨%
૧૦%
૭%
આ પ્રાપ્ય હતું તેની જાગૃતનિ હતી
બેંકમાં ખાતું ન હતું
નોધણી ખૂબ અઘરી અને સમય માંગી લે તેવી
દસ્તાવેજીકારણ નો અભાવ
અરજી કરી હતી પણ કેશ ગ્રાન્ટ મેળવેલ નથી


ખાદ્ય રાહત ન મેળવવાનાં મુખ્ય કારણો
ઘરેલું કામદાર (N=૩૮)
ઘરખાતા કામદાર (N=૨૮)
શેરી વેચનાર (N=૪૨)
કચરો વીણનાર (N=૨૦)
કુલ (N=૧૨૮)
*ઉત્તરદાતાઓ કામ ન કરવા માટેના એક કરતાં વધુ કારણ પસંદ કરી શકે છે
૬૦
૫૦
૪૦
૩૦
૨૦
૧૦
૦
૯%
૦%
૨૧%
૫૦%
૧૫%
૯%
૧૦%
૭%
૦%
૮%
૦%
૧૦%
૭%
૨૫%
૮%
૫૫%
૪૦%
૦%
૨૫%
૨૮%
૧૮%
૩૦%
૩૬%
૦%
૨૬%
આ પ્રાપ્ય હતું તેની જાગૃતનિ હતી
સરકાર દ્વારા કોઈ આહાર સહાય પૂરો પાડવામાં આવ્યો નથી
નોધણી ખૂબ અઘરી અને સમય માંગી લે તેવી
દસ્તાવેજીકારણ નો અભાવ
રેશનકાર્ડ ન હોવું

### સેવા દ્વારા

સેવા નો જુદા જુદા પાસાઓ માટે પ્રતિભાવ તેના સભ્યોના આર્થિક, શારીરિક અને માનસિક આરોગ્યને સલામત રાખવા માટે(બોકસ જુઓ).

**આરોગ્ય કટોકટી પર સેવાના જવાબો**

- જાહેર આરોગ્ય સંદેશાઓ અને તબીબી સલાહ
- રક્ષણાત્મક ઉપકરણો અને સામગ્રી
- આરોગ્ય સંભાળ અને દવાઓ
- માનસિક આરોગ્ય માટે મદદ/ટેકો

**આર્થિક કટોકટી અંગે સેવાના જવાબો**


- સરકારી રાહતનાં પગલાંનું ચેનલિંગ
- ફૂડ પેકેટો અને રાંધેલા ખોરાક પહોંચાડવા
- બજાર જોડાણોની સુવિધા
- આવશ્યક કામદારો માટે વાટાઘાટ કાર્યની પરવાનગી

સેવાના સ્થાનિક સમુદાય આધારિત આગેવાનોએ સરકારી સહાયની સુવિધાને સુગમ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓએ સેવા ના સભ્યોને જાણ કરી કે તેઓ શેના હકદાર છે, કેવી રીતે અરજી કરવી, બેંક ખાતું કેવી રીતે ખોલવું; અને સભ્યો વતી સ્થાનિક સરકારી અધિકારીઓ, પોલીસ અને રાજકારણીઓનો સંપર્ક કર્યો.

> "અમે વિસ્તારના આગેવાનો અને સેવા ના પ્રતિનિધિઓ છીએ. લોકોને મદદ અને ટેકો આપવાનું અમારું કર્તવ્ય છે. મહિલાઓ તેમના ઘરની બહાર જઈ શકે તેમ ન હતું, તેથી અમે ફોન કોલ્સ દ્વારા તેમની તપાસ કરી હતી. અમે રેશનકાર્ડ નંબરોની સૂચિ માટે અખબારોને તપાસીશું અને અખબારોમાં જણાવેલી જે તે તારીખ પર મફત રાશન એકત્રિત કરવા માટે ફોન કોલ અથવા વોટ્સએપ સંદેશા દ્વારા લોકોને જાણ કરીશું. અમે મહિલાઓને નિ: શુલ્ક અનાજ યોજના વિશે જણાવ્યું. ઉજ્જવલા યોજના (રસોઈ ગેસ યોજના) અંતર્ગત, અમે ગરીબી રેખાની નીચે આવતી (બીપીએલ કાર્ડવાળી) મહિલાના ફોર્મ ભરીને ગેસ સિલિન્ડર મેળવવામાં મદદ કરી છે. મેં મહિલાઓને જન ધન (નાણાંકીય સમાવેશ) યોજના વિશે પણ માહિતગાર કર્યા, જેમાં મહિલાઓને માસિક ૫૦૦ રૂપિયા ચૂકવવામાં આવતા હતા. અને મેં તેમને તેમના બેંક એકાઉન્ટ્સનું પ્રમાણપત્ર મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા."
>
> **- સેવા ઘરખાતા કામદાર આગેવાન**

## સામનો કરવાની વ્યૂહરચના

પરિસ્થિતિનો સામનો કરવા માટે, ખાદ્યપદાર્થો પર કાપ મૂકવા ઉપરાંત, સેમ્પલના લગભગ ૮૦% કુટુંબો બચત વાપરી, મિલ્કત ગીરે મૂકી અથવા વેચી, નાણાં ઉધાર લીધા; જેણે તેઓના સંસાધનો ખાલી કરી અને દેવાદાર બનાવ્યા. અડધાથી વધુ લોકોએ પરિવાર, મિત્રો અથવા પડોશીઓની મદદ લીધી છે.



"અમારા કુટુંબના સભ્યો વધારે હોવાને લીધે, ખોરાક, વીજળી બિલ, ગેસ બિલ સંબંધિત ખર્ચ ને પહોચી વળવા માટે મારા દાગીના ગીરવે મૂકવા પડ્યા."

**- ઘરેલું કામદાર**

ઘણા કુટુંબોએ તેમના મકાન ભાડા,તેમના વીજળી અને ગેસ બીલો મુઅલ પૂરતા મુલતવી રાખીને - અથવા ફક્ત ચૂકવણી ન કરવા - દ્વારા સામનો કરવો પડે છે. તેમ છતાં, એક કચરો લેનારાએ નોંધાવ્યું છે:

"વધારે પડતા ચડી ગયેલા વીજળીનાં બીલ ભરવા અને લોન ભરપાઇ કરવામાં મુશ્કેલીઓ ઉભી થશે. લોકડાઉન સમાપ્ત થઈ ગયું છે પરંતુ હવે, વ્યંગાત્મક રીતે, ગરીબ લોકોનું લોકડાઉન શરૂ થશે. લેણદાર લોકો ગરીબોના બાકી રાખેલ પૈસા ની માંગ કરવા આવશે."

# પુન:પ્રાપ્તિ અને તેથી આગળ

## કામદારની જરૂરિયાતો અને માંગણીઓ

સર્વેના અંતે ખુલ્લા પ્રશ્નોના જવાબમાં, ઉત્તરદાતાઓએ નીચેની જરૂરિયાતો અને માંગણીઓને અવાજ આપ્યો:

- કામ ફરી શરૂ કરવાની ક્ષમતા (૯૩ ઉલ્લેખ)
- અનુદાન અથવા લોન (૯૦ ઉલ્લેખ), વ્યવસાયો ફરીથી પ્રારંભ કરવા સહિત (૨૭ ઉલ્લેખ)
- અન્ન સહાય (૧૬ ઉલ્લેખ)
- વીજળીના બીલ અને લોન ની ચુકવણી પર મુક્તિ(૬ ઉલ્લેખ); રેશનકાર્ડ સુરક્ષિત કરવામાં સહાય (૪ ઉલ્લેખ); જન ધન (નાણાકીય સમાવેશ યોજના) બેંક ખાતું ખોલવામાં સહાય (૧ ઉલ્લેખ)
- કુશળતા તાલીમ (૪ ઉલ્લેખ); વેચવા માટે સુરક્ષિત સ્થાન (૪ ઉલ્લેખ, બધા શેરી વિક્રેતાઓ); રિસાયક્લેબલ વેસ્ટ મટિરિયલ્સના ઊંચા ભાવ (૧ ઉલ્લેખ, વેસ્ટ પીકર)

## ભવિષ્ય માટે સેવાની દૂરદર્શિતા

સેવા પુન: પ્રાપ્તિ માટે અસંગઠિત સ્વ રોજગારી, અસંગઠિત વેતન કામદારોની ફરી થી કામ પર ગોઠવણ, અને તમામ અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા જાળવણી ચાલુ રાખવા માટે રોકડ અનુદાનની માંગ કરે છે.


સેવા, મૂળભૂત સુધારાઓ માટે પણ આહ્‌વાન કરે છે –વર્તમાન ના આર્થિક અને શહેરી વિકાસ, આરોગ્ય સંભાળ અને સામાજિક સંરક્ષણ ના અભિગમોના બાબતે ફરીથી કલ્પના કરવા અને સેટ કરવા - જે સેવા ના સ્થાપક, ઈલા ભટ્ટ દ્વારા કરેલ સ્પષ્ટતા મુજબ:

"વર્તમાન કોવિડ-૧૯ રોગચાળો મોટા અને નાના, શ્રીમંત કે ગરીબ, વિકસિત અથવા વિકાસશીલ દરેક દેશ માટે એક જાગૃત થવાનો કોલ/માંગ બની ગયો છે. તેણે આપણી આરોગ્ય સંભાળ પ્રણાલીની નાજુકતા, આપણી આર્થિક રચનાઓની અસ્થિરતા, વધતી જતી સાંપ્રદાયિક તિરસ્કાર અને આપણા સમાજના નબળાઈઓ તરફ આપણી આંખો ખોલી છે. આપણે આ કટોકટીનો કેવી રીતે સામનો કરીશું તે નિર્ભર રહેશે કે આપણે સ્થાનિક વાસ્તવિકતાઓને કેવી રીતે પ્રતિક્રિયા આપીએ છીએ - ફક્ત વૈશ્વિક ને નહી. વળી તે તેના પર પણ નિર્ભર રહેશે કે જયારે ફરી નિર્માણ કરીશું ત્યારે આપણે આપણી પ્રાથમિકતાઓને ફરીથી ગોઠવવા માટે કેટલા તૈયાર છીએ."


# ઘરેલું કામદારો

ઘરેલું કામદારો કામ માટે તેમના માલિકો પર આધારિત છે. ઘણા માલિકો આરોગ્યની ચિંતાને કારણે ઘરેલુ કામદારોને નોકરી પર રાખવાનો ઇનકાર કર્યો હતો. ઉપરાંત, ઘણા નોકરીદાતાઓ કે જેઓ કામ કરતા ન હતા તેમણે જાતે જ ઘરના કામો કરવાનું પસંદ કર્યું. કેટલાક ઘરેલુ કામદારો કે જેમની પાસે કોવિડ-૧૯ પહેલા,એક કરતા વધારે માલિક હતા- તેઓના ઓછામાં ઓછા એક માલિકે તેઓને કટોકટી દરમિયાન કામ કરવાનું ચાલુ રાખ્યું હતું; કેટલીકવાર વિવિધ કાર્યો માટે અને મોટાભાગે ઘરની બહારના કામ માટે.

**કાર્યરત ઘરેલું કામદારોની ટકાવારી પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)**





**ઘરેલું કામદારો સપ્તાહ દીઠ સરેરાશ કામના દિવસો પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક ફેઝ ૧ (જૂન)**




"હું ચાર મકાનોમાં ઘરેલું કામ કરતી હતી. હવે, મને ફક્ત એક જ મકાનમાંથી કામ મળ્યું છે. મને અન્ય મકાનોમાં કામ કરવાની છૂટ નથી. આમ, મારા કામને ખૂબ અસર થઈ છે."

**- ઘરેલું કામદાર**

**ઘરેલું કામદારોની સરેરાશ દૈનિક નેટ કમાણી (INR માં) પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)**




કામદાર તરીકે કાયદાકીય અને નીતિ માન્યતા કે જે આવશ્યક સંભાળ અને કૌટુંબિક સેવાઓ પ્રદાન કરે છે

વાજબી વેતન અને જો નકારી કાઢવામાં આવે તો, તમામ વેતનની ચુકવણી અને બાકી વળતર

સલામત અને જોખમ મુક્ત કાર્યસ્થળ, જેમાં રક્ષણાત્મક ગિયરની જોગવાઈ, પગલાં અને તાલીમ શામેલ છે

ભરી આપેલ માંદગી રજા અને આરોગ્ય સંભાળની પ્રાપ્યતા , જેમાં વાયરસના સંપર્ક અથવા ચેપને લીધે અલગ રહેવા ની સ્થિતિ નો સમાવેશ થાય

ઘર અને કાર્યસ્થળ વચ્ચે સલામત, પોસાય તેવું અને પ્રાપ્ય સાર્વજનિકવાહન

"ઘણાં ઘરના ગૃહિણીઓએ ઘરનાં કામકાજ જાતે જ કરી લીધા, તેથી હવે તેઓ આ રીતે ચાલુ રાખવા માગે છે. તેઓને સમજાયું કે થોડા મહિનાઓથી તેઓ જાતે કામ કરીને પૈસા બચાવવામાં સફળ રહ્યા છે."

**- સેવા ઘરેલું કામદાર આગેવાન**


"ઘરેલુ કામદારો હવે હોસ્પિટલો અને અન્ય સ્થળોએ સફાઇ અને પોતા કરવાના કામ કરે છે. જો તેઓ કામ કરે નહી ,તો તેઓ કેવી રીતે ખાય? જો તેમને કોઈ કામ ન મળે, તો આખરે તેઓ એક મોટો થેલો/કોથળો લે છે અને કચરો વીણવાનું શરૂ કરે છે... તેઓ જે કાંઈ કામ મળે તે માટે જાય છે."

**- સેવા ઘરેલું કામદાર આગેવાન**


## ઘરખાતા કામદાર

જ્યારે તેઓ સામાન્ય રીતે ઘરે કામ કરે છે, ત્યારે થોડા ઘરખાતા કામદારો લોકડાઉન દરમિયાન કામ કરી શકતા હતા કારણ કે તેઓ કામના ઓર્ડર માટે અન્ય પર નિર્ભર હોય છે અને ઘણી સપ્લાય ચેન કટોકટીથી ખલેલ પામી હતી. અન્ય ક્ષેત્રોની તુલનામાં, ઘરખાતા કામ કરતા કામદારોની સરેરાશ આવક જૂન સુધીમાં સૌથી વધુ સુધરી ગઈ છે (પૂર્વ-કોવિડ -૧૯ કમાણીના ૪૪% સુધી). પરંતુ ઘરખાતા કામ કામદારોની સરેરાશ કમાણી સૌથી ઓછી પૂર્વ-કોવિડ -૧૯ દરમ્યાન હતી અને જૂનમાં બીજી સૌથી નીચી (કચરો ઉપાડનારાઓ પછી) હતી. સેમ્પલના ક્ષેત્રોમાં, ઘરખાતા કામદારોએ, પુખ્ત વયના અને બાળકો બંનેમાં ભૂખની સૌથી વધુ ઘટના નોધાવી છે.

**ઘરખાતા કામદારની ટકાવારી જે પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં કાર્ય કરવા સક્ષમ હતા**





**ઘરખાતા કામદારના સરેરાશ અઠવાડિયાના કામના દિવસો પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં**




"કોઈ પણ કપડાને લઈને ઇસ્ત્રી કરાવવા માટે નહોતું આવ્યું. હાઉસિંગ સોસાયટી લોકડાઉનમાં હતી અને આ રીતે મારું ઇસ્ત્રી કામ બંધ થઈ ગયું."

**- ઘરખાતા સ્વ-રોજગાર ધોબી**

**ઘરખાતા કામદારોની સરેરાશ કુલ દૈનિક કમાણી (INR માં) પ્રી-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)**




સ્થાનિક બજારો અને સ્થાનિક વત્તા વૈશ્વિક સપ્લાય ચેન માટે આવશ્યક માલ અને સેવાઓ પ્રદાન / ઉત્પન્ન કરનારા કામદારો તરીકે કાનૂની અને નીતિ માન્યતા

પુન:પ્રાપ્તિ ભંડોળ અને રોકડ અનુદાન

વગર-વ્યાજની લોન અને ઘરખાતા કામદાર સહકારી મંડળીઓ અને નિર્માતા કંપનીઓને ટેક્સ છૂટ

ઘરખાતા કામદારો માટે ન્યૂનતમ વેતન અને સામાજિક સુરક્ષા, બ્રાન્ડ્સ અને મોટા કોર્પોરેશનો માટેની સપ્લાય ચેઈનમાં કામ કરતા લોકો સહિત.

તેમના ઘરો માટે સુરક્ષિત આવાસો અને મૂળભૂત માળખાકીય સેવાઓ, જે કાર્યસ્થળની તુલનામાં બમણી છે

બાળ-સંભાળ અને આરોગ્ય સેવાઓ


"ઘણી રીતે લોકડાઉન હટાવવામાં આવ્યું હોવા છતાં, વેપારીઓ અમને કહે છે કે તેમની પાસે કાચી સામગ્રી નથી. સીવણકામના કામ માટે, મોટા વેપારીઓ કાપડ ખરીદે છે અને તેને કાપ્યા પછી તેને નમૂના સાથે ઘરખાતા કામદારને આપે છે જેથી તે સમજી શકે કપડાને કેવી રીતે સીવવાનું છે. તેઓએ અમને જાણ કરી કે તેમને કોઈ કાપડ નથી મળતું, કેમ કે કાપડનાં બજારો બંધ છે: તેથી તેઓ કેટલા સમય સુધી કામ આપી શકશે? હમણાં કામ શરૂ થયું છે, પરંતુ સીવણ કામદારો માટે ધીમી ગતિએ છે પરંતુ બાકીના ઘરખાતા કામદાર જેમ કે અગરબતી (ધૂપ-લાકડી) વણનાર, બીડી (સિગારેટ) બનાવનાર , બંધ છે."

**- સેવા ઘરખાતા કામદાર આગેવાન**


# શેરી વિક્રેતાઓ /વેચનાર

લોકડાઉન દરમિયાન, આવનજાવન અને પરિવહન પરના પ્રતિબંધો ખાસ કરીને શેરી વિક્રેતાઓ માટે મુશ્કેલ હતા. આ ઉપરાંત, તેઓએ મોટાભાગના જથ્થાબંધ બજારો અને શેરી વિક્રેતા બજારોના બંધનો સામનો કરવો પડ્યો. શહેરની સીમમાં એક કૃષિ પેદાશોનું બજાર ખુલ્લું રહેવા દેવામાં આવ્યું હતું. કેટલાક તાજા શાકભાજી વિક્રેતાઓને આવશ્યક કામદારો માનવામાં આવ્યાં હતાં અને વેચવાની મંજૂરી આપવામાં આવી હતી, જેમાં પડોશમાં શાકભાજી પહોંચાડવાની શહેરી યોજનામાં રોકાયેલા પણ સામેલ હતા. જૂન દરમ્યાન, લોકડાઉન માં છૂટછટ આપવામાં આવી ત્યારે પણ અમુક જથ્થાબંધ ના બજારો અને શેરી વિક્રેતા બજારો બંધ રહ્યા હતા. દરમ્યાન, શેરી વિક્રેતાઓ સતત વાયરસના સંપર્ક અંગે ચિંતિત હતા જ્યારે તેમના ગ્રાહકો, સામાન્ય લોકો અને સ્થાનિક અધિકારીઓએ તેમને વાયરસના વેક્ટર તરીકે કલંકિત કર્યા હતા. શેરી વિક્રેતાઓ જેમને કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી, ૯૫%એ માસ્કનો ઉપયોગ કર્યો, ૭૦% એ ગ્લોવ્સ, ૬૭% એ સેનિટાઈઝર અને ૨૫% એ સાબુ નો ઉપયોગ કર્યો હતો.

**કાર્યરત શેરી વેચનારની ટકાવારી પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી) પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)**





**શેરી વેચનારના સરેરાશ અઠવાડિયાના કામના દિવસો પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં**




"પહેલાં, અમે દરરોજ કંઈક કમાતા. હાલમાં, અમે કંઈપણ કમાઇ રહ્યા નથી. હું ફૂલો વેચું છું. ફૂલો વેચતા નથી તેથી મારે તેમને ફેંકી દેવા પડશે."

**- ફૂલ વેચનાર**

**શેરી વેચનારની સરેરાશ કુલ દૈનિક કમાણી (INR માં) પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં**




આવશ્યક કામદારો તરીકે કાનૂની અને નીતિ માન્યતા, જે અનુકૂળ સ્થળોએ ઓછા ભાવે, આવશ્યક માલ અને સેવાઓનું વિતરણ/ વહેંચણી પ્રદાન કરે છે

શેરી વિક્રેતાઓ/વેચનાર ના તમામ સ્વાભાવિક બજારો અને દરેક જથ્થાબંધ બજારોની ફરીથી ખોલવા

શેરી વિક્રેતાઓ/વેચનારનો અધિકાર -સ્વાભાવિક બજારમાં વેચવાનો અને અન્ય જાહેર જગ્યાઓ પર કેન્દ્રીય સ્થળોએ પર લાંચ, પજવણી, માલ જપ્ત થવા અથવા ખાલી કરાવવાના ડર વિના.

મૂળભૂત માળખાકીય સેવાઓ અને વેચવાની જગ્યાએ તેમજ શેરી વિક્રેતા બજારમાં આશ્રય/આશરો

સસ્તું અને સુલભ જાહેર પરિવહન તેમના પોતાને માટે તેમજ તમના માલની હેરફેર તેમના રહેઠાણો, જથ્થાબંધ બજારો અને વેચવાની જગ્યાઓ વચ્ચે કરવા માટે

રક્ષણાત્મક સરંજામ (દા.ત. માસ્ક, મોજાં અને સેનિટાઈઝર) અને શેરી વિક્રેતા માર્કેટમાં રક્ષણાત્મક પગલાં (દા.ત. પાણીના પોઇન્ટ અને સલામત-અંતર ગોઠવણી)

સ્ટોક અથવા સાધનોમાં ફરીથી રોકાણ કરવા અને દેવાની ચૂકવણી માટે રોકડ અનુદાન અથવા ઓછી વ્યાજની લોન


"જ્યારે ઘરની બહાર કામ કરવાની કેટલીક મંજૂરી આપવામાં આવી, ત્યારે જથ્થાબંધ બજાર જમાલપુરથી જેતલપુર ખસેડવામાં આવ્યું. જો વેચનારાઓ માલ લાવવા જેતલપુર જતા તો પોલીસ તેમને માર મારતી હતી. વળી, તેમણે જેતલપુર જથ્થાબંધ બજારમાંથી માલ પરિવહન કરવા માટે ૧૨૦૦ થી ૧૩૦૦ રૂપિયાની ચુકવણી કરવી પડતી હતી. કારણ કે તેઓએ લાંબા અંતરનો પ્રવાસ કરવો પડતો હતો, તેથી તેઓ એક જ સમયમાં ત્રણ દિવસનો માલ લાવતા. તે પછી પણ, જો પોલીસ અથવા અન્ય લોકોએ તેમને વેચવાની મંજૂરી ન આપે, તો માલ સડી જાય અથવા ઓછા ભાવે વેચવો પડે, આમ નુકસાન થતું હતું."

**– સેવા વેચનાર આગેવાન**


# કચરો વીણનાર

કચરાની રિસાયક્લિંગ ચેઇનમાં વિક્ષેપો, કચરાના પુરવઠામાં ઘટાડો, ડમ્પ સાઇટ્સ અને કચરાના વેચાણ કરનારાઓ નું બંધ હોવું, માંગમાં ઘટાડો અને સુધરેલા કચરા માટેના નીચા ભાવો વગેરેની અસરો કચરો વેણનારના કામ અને કમાણી પર થઈ છે. આવનજાવન પર સામાન્ય પ્રતિબંધ હોવા છતાં, કેટલાક કચરો વીણનારાઓને કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી: અડધાથી વધારે માસ્ક અને મોજાં પહેરતા હતા, બે તૃતીયાંશ સેનિટાઇઝર અને અડધાથી વધુ વપરાયેલા સાબુ વાપરતા હતા. અડધાથી વધુને સેવા તરફથી રક્ષણાત્મક સરંજામ મળ્યું હતું અને 30% કામદારોણે ચેરિટેબલ સંસ્થાઓ તરફથી રક્ષણાત્મક સરંજામ મળ્યા હતા. આ સાવચેતી હોવા છતાં, સેમ્પલ કુટુંબોના કોવિડ -૧૯ ના લગભગ અડધા નોંધાયેલા કિસ્સાઓ (૧૩ માંથી ૬) કચરો વીણનારના ઘરોમાં હતા.

**કામ કરવામાટે સક્ષમ કચરો વીણનારાઓની ટકાવારી પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં**





**કચરો વીણનારાના સરેરાશ અઠવાડિયાના કામના દિવસો પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં**




"અમારા ધંધા પર ખરાબ અસર પડી. અમે પહેલા જેટલો કચરો અને કાગળ શોધી શક્યા નહીં."

- કચરો વીણનાર

**કચરો વીણનારાની સરેરાશ કુલ દૈનિક કમાણી (INR માં) પૂર્વ-કોવિડ (ફેબ્રુઆરી), પીક લોકડાઉન (એપ્રિલ) અને અનલોક તબક્કો ૧ (જૂન)માં**




સ્વચ્છતા અને પર્યાવરણીય સેવાઓ પ્રદાન કરનારા અને ઉદ્યોગ માટે રિસાયક્લેબલ વેસ્ટને ફરીથી મેળવનારા આવશ્યક કામદારો તરીકે કાનૂની અને નીતિ માન્યતા

કચરોનો અધિકાર, ખાસ કરીને સ્રોત પર પણ રિસાયક્લિંગની સાંકળ સાથે

ઘન કચરા વ્યવસ્થાપન કરાર માટે માંગણી/બોલી કરવાનો અધિકાર

વર્ક શેડ અને પુનપ્રાપ્ત કચરાને સોર્ટ કરવા, સંગ્રહિત કરવા, બાંધવા અને પ્રક્રિયા કરવા માટેના ઉપકરણો

રક્ષણાત્મક સરંજામ (દા.ત. માસ્ક, મોજાં અને સેનિટાઈઝર) અને કચરો વીણવાના માર્ગ અને તંત્ર/પદ્ધતિ સાથેના રક્ષણાત્મક પગલાં

કચરો વીણવા/સંગ્રહ કરવા, રિસાયક્લિંગ સેવાઓ અને ફરીથી કચરો મેળવવા માટેની ઉચિત કિંમતો

"અમે કચરો વેણનાર રસ્તાની બાજુમાં કચરો જુદો/સોર્ટ કરતા હતા, પરંતુ હવે પોલીસ અમને એમ કરવાની મંજૂરી આપતી નથી. અમે ભીડભાડવાળા પડોશમાં અને નાના ઘરોમાં રહીએ છીએ. શેરીઓ ખૂબ જ સાંકડી હોય છે જેથી અમે ત્યાં અમારું કામ કરવા બેસી ન શકીએ. જો કોઈ કચરો ઉપાડનાર ઘરની બહાર કચરો ભરેલો થેલો મૂકી દે છે, તો પોલીસ કર્મચારી અથવા શહેરના અધિકારીઓ આવીને થેલો લઈ જશે. આપણી સરકાર મોટી પાર્કિંગની જગ્યાઓ બનાવે છે પરંતુ કચરો સોર્ટ કરવા/જુદો પાડવા માટે કચરો વીણનારને કોઈ જગ્યા પ્રદાન કરતી નથી. સરકારે દરેકને જગ્યા પુરી પાડી હોવાથી અમને પણ અમારા કામ માટે જગ્યા આપવી જ જોઇએ."

**- સેવા કચરો વીણનાર આગેવાન**



ઉપરથી ડાબી બાજુથી ઘડિયાળની દિશામાં : ઘરેલું કામદાર, ઘરખાતા કામદાર, કચરો વીણનાર, શેરી વેચનાર
ફોટો પાડનાર: માર્થા ચેન

‘કોવિડ-૧૯ કટોકટી અને અસંગઠિત અર્થતંત્ર અભ્યાસ’ એ આંતરરાષ્ટ્રીય વિકાસ સંશોધન કેન્દ્ર (IDRC / CRDI), કેનેડાના સમર્થન થી વૈશ્વિક નેટવર્ક ‘વુમન ઇન ઇન્ફોર્મલ ઈકોનોમી: ગ્લોબલાઇસિંગ એન્ડ ઓર્ગેનાઈસિંગ (WIEGO). અને ૧૨ શહેરોમાં અસંગઠિત કામદારોનું પ્રતિનિધિત્વ કરતી સ્થાનિક ભાગીદાર સંસ્થાઓ વચ્ચેનો સહયોગ છે: અક્રા, ઘાના; અમદાવાદ, ભારત; બેંગકોક, થાઈલેન્ડ; ડાકાર, સેનેગલ; દર એસ સલામ, તાંઝાનિયા; દિલ્હી, ભારત; ડર્બન, દક્ષિણ આફ્રિકા; લિમા, પેરુ; મેક્સિકો સિટી, મેક્સિકો; પ્લેવેન, બલ્ગેરિયા; ન્યુ યોર્ક સિટી, યુએસએ; અને તિરુપુર, ભારત. આ મિશ્ર પદ્ધતિઓના લાંબા ગાળાના અભ્યાસમાં સર્વે પ્રશ્નાવલી અને અસંગઠિત આગેવાનો અને અન્ય મુખ્ય માહિતીકારો સાથેના ઇન્ટરવ્યુનો સમાવેશ થાય છે, જે બધા ફોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે. રાઉન્ડ ૨ માર્ચ અને એપ્રિલ ૨૦૨૧માં લેવામાં આવશે. વધુ માહિતી માટે, મુલાકાત લો wiego.org/COVID-19-Global-Impact-Study.

વુમન ઇન ઇન્ફોર્મલ ઈકોનોમી: ગ્લોબલાઇસિંગ એન્ડ ઓર્ગેનાઈસિંગ(WIEGO) એ એક વૈશ્વિક નેટવર્ક છે જે ગરીબ કામદાર ખાસ કરીને અસંગઠિત અર્થતંત્રની મહિલાઓના સશક્તિકરણ માટે ધ્યાન કરે છે, જેથી તેમની રોજગારી સલામત થાય.અમે માનીએ છીએ કે દરેક કામદારોને સમાન આર્થિક તકો, હકો, સલામતીઓ, અવાજ મળવો જોઈએ. વિગો આંકડાકીય સુધાર લાવીને અને અસંગઠિત અર્થતંત્રનું જ્ઞાન વિસ્તારવા દ્વારા, નેટવર્ક બનાવવા દ્વારા અને ક્ષમતા વધારવા દ્વારા. અસંગઠિત કામદારોની સંસ્થાઓની વચ્ચે અને સંયુક્ત રીતે નેટવર્ક અને અન્ય સંસ્થાઓ સાથે રહી સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓણે અસર કરવા દ્વારા. www.wiego.org ની મુલાકાત લો.

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ(સેવા) એ ૧૯૭૨ માં સ્થપાયેલ અસંગઠિત મહિલા કામદારોનું એક ટ્રેડ યુનિયન છે. ૧.૮ મિલિયન થી વધુ સભ્ય સંખ્યા સાથે દુનિયામાં સેવા એક અસંગઠિત કામદારોની મોટામાં મોટી સંસ્થા છે અને ભારતનું સૌથી મોટું ટ્રેડ યુનિયન ફેડરેશન છે. સેવા તેમના સભ્યોના સશક્તિકરણ(આવક, મિલકત, ખોરાક, આરોગ્ય સંભાળ, બાલ સંભાળ, ઘર સલામતી તેમને અને તેમના પરિવારને અપાવવા દ્વારા)કરવા માટે પ્રતિબદ્ધ છે. સેવા સંઘર્ષ (યુનિયન દ્વારા સંગઠન, તૈયાર કરવા અને હિમાયત) અને વિકાસ(ભગીની સંસ્થાઓ દ્વારા જે નાણાકીય, બજાર,તાલીમો અને અન્ય સેવાઓ). ‘ઇન્ડીયન એકેડમી ફોર સેલ્ફ એમ્પલોઈડ વુમન’(આઈ એ એસ ઈ ડબ્લ્યુ)એ સેવાની એક ભગીની સંસ્થા છે જે સંશોધન, તાલીમ અને સંચારની સેવાઓ સેવા અને તેના સભાસદોને પૂરી પાડે છે.

WIEGO

Women in Informal Employment:
Globalizing and Organizing

આ કાર્ય ઇન્ટરનેશનલ ડેવલોપમેન્ટ રીસર્ચ સેન્ટર, ઓટાવા, કેનેડાની ગ્રાન્ટ સહાય દ્વારા કરવામાં આવ્યું છે. અહી જે  મંતવ્યો આપવામાં આવેલ છે તે IDRC અથવા તેના ગવર્નર ના પ્રતિભાવો હોય તે જરુરી નથી.

IDRC | CRDI

International Development Research Centre
Centre de recherches pour le développement international

Canada